## • એડગર ડેલ

- ✓ જન્મ : 27 એપ્રીલ , 1900
- ✓ બેન્સન – અમેરિકા
- ✓ ઓહિયા – યુનિવર્સિટી માં શિક્ષાશાસ્ત્રી

- બાળક પ્રત્યક્ષ અનુભવથી સૌથી વધુ શીખે છે.
- શિક્ષણની પ્રક્રિયાને વધુ પ્રભાવી બનાવવા આ સિદ્ધાંત વિકસાવ્યો છે.
- એડગર ડેલ નું પુસ્તક – ***Audio - Visual method in teaching***
- આ પુસ્તકમાં અનુભવ શંકુ નો સિદ્ધાંત ઈ.સ 1969 મા અપાયો છે.

- આ સિદ્ધાંત પ્રત્યક્ષ થી અપ્રત્યક્ષ એટલે કે પરોક્ષ તરફ જાય છે. માટે આ સિદ્ધાંત "મૂર્ત થી અમૂર્ત" તરફ નો પણ કહી શકાય.

- એડવર્ડ ડેલ એ અનુભવોને એક વ્યવસ્થિત ક્રમમાં સંયોજિત કરી એની પ્રકૃતિના આધારે 12 મુખ્ય ભાગોમાં વહેંચાયેલા છે.

shikshansagar.com
શિક્ષણ સાગર
King of Education




## 1) પ્રત્યક્ષ અનુભવ:

- આ સિદ્ધાંત મુજબ વિદ્યાર્થીઓને જાતે કોઈ કામ કરવા આપવું એ સંદર્ભે વાત થયેલ છે, જાતે શીખેલ વાત અથવા કરેલ કામ તેને ચિરંજીવ રહે છે.

- આ કાર્યમાં વિદ્યાર્થી તેને તે પ્રત્યક્ષ પરિસ્થિતિ સાથે જોડાયેલો મહેસૂસ કરે છે.

- ઉદાહરણ – ગણિત ના બધા દાખલા ન કરાવતા થોડા દાખલા વિદ્યાર્થીઓને દ્રઢીકરણ માટે આપવા,
    - વિજ્ઞાનના પ્રયોગ માં વિદ્યાર્થીઓની ભાગીદારી લેવી.

## 2) પ્રકલ્પિત અનુભવ:

- દરેક પરિસ્થિતિનો વાસ્તવિક અનુભવ આપવો શક્ય નથી માટે જે પરિસ્થિતિનો વાસ્તવિક અનુભવ ન આપી શકાય તેને મૉડેલના આધારે સમજાવી શકાય.

- ઉદાહરણ – સામાજિક વિજ્ઞાન વિષયમાં ભૂકંપ અંગેની માહિતી વિદ્યાર્થીને મૉડેલ સ્વરૂપે સમજાવી શકાય.

- ઘણીવાર પ્રકલ્પિત અનુભવો એ પ્રત્યક્ષ અનુભવથી પણ સરળ અને વ્યવસ્થિત રહે છે.

## 3) નાટ્ય અનુભવ:

- વિદ્યાર્થીને ગોખણપટ્ટી માં થી મુક્તિ અપાવવા માટે અને ઈતિહાસ ની ઘટનાઓ તેમજ પાત્રો યાદ રાખવા શિક્ષક આ પ્રવૃત્તિ હાથ ધરી શકે છે.

- આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીને બે રીતે ભાગીદાર બનાવી શકાય
  1) નાટકના પાત્ર માં સ્થાન
  2) દર્શકનું સ્થાન એ બંનેથી વિદ્યાર્થીની શીખવાની ક્રિયા માં વધારો થાય છે.

## 4) પ્રદર્શન / ડેમોનસ્ટ્રેશન:

- ચોથા ધોરણના આ સિદ્ધાંત મુજબ શિક્ષક જે વસ્તુ સમજાવવા માગે છે એ વસ્તુને પ્રત્યક્ષ કરીને બતાવે છે જેથી વિદ્યાર્થી સરળતાથી સમજી શકે.

- ઉદાહરણ – ચુંબક ના સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ માટે શિક્ષક જાતે બે ગજીયા ચુંબક ના સમાન ધ્રુવો વચ્ચે આ પ્રયોગ કરી વિદ્યાર્થીઓને સમજાવે.

## 5) ક્ષેત્ર ભ્રમણ :

- આ મુદ્દા અંતર્ગત શિક્ષક વિદ્યાર્થીને જે તે જગ્યાની મુલાકાત માટે લઈ જશે, જેથી વિદ્યાર્થી તે જગ્યાની તમામ પુસ્તકીય માહિતી ઉપરાંત વિશિષ્ટ માહિતી મેળવીશકે.

- ઉદાહરણ – નર્મદા નદી પર બાંધેલા સરદાર સરોવર બંધ ની મુલાકાત, ગુજરાત વિધાનસભાની મુલાકાત, ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ વગેરે

- આ સિદ્ધાંત શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત પણ આવરી લેવાઈ છે.

## 6) પ્રદર્શની :/ એકઝીબીશન :

શિક્ષણ સાગર shikshansagar.com · The King of Education

- **શિક્ષક જે વસ્તુઓ વિશે સમજાવવા માંગે છે. તે વિદ્યાર્થીઓને વર્ગમાં બતાડે છે એ તમામ સામગ્રીઓનો  સમૂહ એટલે પ્રદર્શની.**

- **ઉદાહરણ – અલગ અલગ પ્રકાર ના ચિત્રો, મોતી કામના નમૂના, વિજ્ઞાન ના સાધનો જેવા કે ટેસ્ટટ્યૂબ , બર્નલ , ચિમની વગેરે.**

## 7) દૂરદર્શન :

- **દૂરદર્શન પર આવતા શિક્ષણ ના કાર્યક્રમો વિદ્યાથીઓ ને વધુ આકર્ષે છે.**

- **જેમકે DD ગિરનાર પર આવતું શિક્ષણ નું પ્રસારણ.**

## 8) ચલચિત્રો:

- **ચલચિત્રો ના માધ્યમથી આપણે જ્ઞાન અને મનોરંજન નો સુભગ સમનવય સાધી શકી એ છીએ. આ રીતે શિખવેલ વસ્તુ માં વિદ્યાર્થી વધુ ઉત્સાહ થી ભાગ લે છે.**
- **ઉદાહરણ – પ્રકાશ સંશ્લેષણ ની ક્રિયા માટે નાની કોઈ વિડિયો કલ્પિ બતાવવી.**

## 9) રેડિયો પ્રસારણ :

- **આ શૈક્ષણિક શ્રાવ્ય માધ્યમ છે. દુરના વિસ્તારો માં રહેતા બાળકો સુધી જ્ઞાન ની વહેંચણી કરી શકાય છે.**

- રેડિયો પર પ્રસારિત થનારા સમાચાર, કાવ્ય ગોષ્ટી અને સંગીત બાળકો માં અલગ પ્રકારના કૌશલ્યો આપે છે.

## 10) સ્થિર ચિત્ર:

- સ્થિર ચિત્ર ના માધ્યમથી શિક્ષક વિદ્યાર્થીઓને તથ્યો અને વાસ્તવિક્તાથી અવગત કરાવે છે. આ સિદ્ધાંત થી વિદ્યાર્થી ને જે તે સમાજ ના જીવન ની પણ માહિતી મળે છે.
- જેમકે ; વિવિધતા માં એકતા માં બધા જ રાજ્યો ના પહેરવેશ બતાવવા , સરદાર પટેલ , બાબા સાહેબ વગેરે ના ચિત્રો બતાવવા

## 11) દ્રશ્ય પ્રતિકો :

- દ્રશ્ય પ્રતિક સ્વરૂપે કોઈ વસ્તુ બતાવી અને સમજાવી ને બાળકો ને જ્ઞાન આપવું.
- જેમકે; દુનિયાના ખંડો, નકશાઓ , સોલાર પેનલ નું ચિત્ર

## 12) શાબ્દિક પ્રતિકો :

- વર્ણમાલા, અક્ષર જ્ઞાન , શબ્દકોષ ક્રમ વગેરે વસ્તુ અહીં સમાવિષ્ટ છે, શબ્દો દ્વારા આપણી ભાવનાઓનું અને વિચારો નું વિદ્યાર્થીઓ સાથે આદાન – પ્રદાન કરી શકાય છે.

- ભાષાગત અભિયોગ્યતા, વાચનશૈલી અને ભાષા પ્રભૂત્વ માટે આ સિદ્ધાંત અનિવાર્ય છે.

- આ સિદ્ધાંતો માં એડગર ડેલ જણાવે છે કે જેમ જેમ શંકુંમાં ઉપર તરફ જતા જતા શીખવાના અને અનુભવ જન્ય શિક્ષણ માં ઘટાડો થતો જાય છે.